**એ.વાય.દાદાભાઈ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, કોસંબા**
**આયોજિત, ''તેજસ્વીની'' સ્કોલરશીપ યોજના**
**ઉદઘાટન સમારંભ, તા. ૧૪-૦૩-૨૦૧૫, શનિવાર**

એ.વાય.દાદાભાઈ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, કોસંબા હેઠળ કાર્યરત "Udaan – Women in Development Cell" અંતર્ગત **''તેજસ્વીની''** સ્કોલરશીપ યોજના નો ઉદઘાટન સમારંભ સંસ્થાના પ્રમુખ શ્રી સલીમ પટેલના અધ્યક્ષપદે, તા. ૧૪-૦૩-૨૦૧૫, શનિવારના રોજ યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી લવજીભાઈ દાલીયા, (સમાજ સેવક અને જાણીતા બિલ્ડર) અને અતિથિ વિશેષ તરીકે ડો. તૃપ્તી એસ. અલમોલા, (ઈન્ચાર્જ ડાયરેકટર, નર્મદાકોલેજ ઓફ મેનેજમેન), શ્રી હરીશભાઈ પરવડીયા, (સમાજ સેવક), શ્રીમતી ભાવનાબેન પટેલ, (સમાજ સેવિકા), શ્રીમતી સલોચનાબેન શાહ, (સમાજ સેવિકા) અને શ્રી રાકેશ ખોપકર, (જનરલ મેનેજર, પિરામલ ગ્લાસ પ્રા.લિ.) હાજર રહયાં હતા. તથા સંસ્થાના સેક્રેટરીશ્રી, ટ્રસ્ટીશ્રીઓ પણ આ પ્રસંગે હાજર રહયાં હતાં.

સમારંભની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રીમતી બીનીતા એમ. પટેલે, (લેકચરર, સિવિલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ) સંસ્થા અને એ અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃતિનો ટુંકમાં પરિચય આપ્યો હતો. સંસ્થાના આચાર્યશ્રી એમ.એમ.દાલચાવલ સરે આમંત્રિત સૌ મહેમાનો નો પરિચય આપી તેમનું સ્વાગત કર્યુ હતુ.

વૈશ્વિક ફલક પર નારી શસકિતકરણને પ્રોત્સાહન આપતી આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂ કરાયેલ ઝુંબેશ ''બેટી બચાવો, બેટી પઢાઓ'' માં સહભાગી થવા માટે સંસ્થા દ્વારા વિદ્યાર્થીનીઓને અભ્યાસમાં સહાયરૂપ થવા આ ''તેજસ્વીની'' સ્કોલરશીપ યોજના નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજનાની વિગતવાર માહિતી તથા "Women In Development Cell" દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિની માહિતી કુ. નિહારીકા ડી. લાડ, લાયબ્રેરીયને આપી હતી. આ કાર્યક્રમમાં સમારંભના મુખ્ય અતિથિના હસ્તે ઉચ્ચ પરિણામ લાવનાર વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

સંસ્થાના આચાર્યશ્રી એમ.એમ.દાલચાવલ સાહેબે ગુજરાત ટેકનોલોજીકલ યુનિર્વસીટીના ત્રીજા સત્રની પરીક્ષામાં બધી બ્રાંચમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની કુ. સપના વર્માની સંપુર્ણ ફી માફીની જાહેરાત કરી હતી. આ સાથે જ શ્રી. એમ.એસ દિનાથ સાહેબે આ યોજના અંતર્ગત સંસ્થાના સ્ટાફ તરફથી રૂા. ૫૧,૦૦૦/- સહાયની જાહેરાત કરી હતી.

સમારંભના મુખ્ય અતિથિ શ્રી દાલીયા સાહેબે આ ''તેજસ્વીની'' સ્કોલરશીપ યોજનાને બિરદાવી હતી અને તેમના તરફથી આ યોજના માટે રૂા. ૨,૦૦,૦૦૦/- ની સહાયની જાહેરાત કરવામાં આવી હતી. પધારેલા અન્ય મહેમાનોમાંથી ડો. તૃપ્તી એસ. અલમોલાએ ખાસ બેટી પઢાઓ પર ભાર મુકી અન્ય ક્ષેત્રે પણ છોકરીઓ ખુબ આગળ વધે અને સમાજના દુષણો દુર થાય એ વિષે ચર્ચા કરી હતી. તથા શ્રીમતી ભાવનાબેન પટેલે આ યોજનાને બિરદાવતા કહયું હતું કે સંસ્થા ફકત વિધાર્થીઓ ભેગા કરવા જ આ પ્રવૃતિ નથી કરતી પણ એમનામાં રહેલ કૌશલ્ય અને વિશિષ્ટ ક્ષમતાને પણ વિકસાવવા

માટે આવી યોજના શરૂ કરે તે ખુબ જ સરાહનીય છે. શ્રીમતી સુલોચનાબેન શાહે પણ બેટી બચાવો, બેટી પઢાઓ પર તેમનું મંતવ્ય રજુ કરી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી રાકેશ ખોપકર સાહેબે આ યોજનાની ખુબ પ્રશંસા કરી હતી અને જણાવ્યું કે જયાં જયાં ચોકસાઈ અને કાર્યનિષ્ઠાની જરૂર છે તે સર્વે જગ્યાએ છોકરીઓ જ આગળ છે અને તેમણે તેમની કંપનીમાં કાર્ય કરતી મહિલાઓના ઉદાહરણ આપ્યાં હતાં.

વિષેશમાં સંસ્થા તરફથી સેક્રેટરીશ્રી ભાણાભાઈ પટેલે આ યોજનાને વધાવી હતી તેમના તરફથી ઉચ્ચ પરિણામ લાવનાર ચાર વિદ્યાર્થીનીઓને રૂા. ૧૦૦૦/- નું ઈનામ જાહેર કર્યું હતું. તથા સંસ્થાના પ્રમુખશ્રી સલીમભાઈ પટેલે આ યોજનાને બિરદાવી હતી અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું હતુ. અંતમાં શ્રીમતી એસ.એસ.મુલતાનીએ આભારવિધી કરી સૌનો સંબોધ્યા હતાં. કાર્યક્રમની પુર્ણાહૂતિ રાષ્ટ્રગીતથી કરવામાં આવી હતી.

# ‘‘તેજસ્વીની’’ સ્કોલરશીપ યોજનાના આકર્ષણો
## (આ યોજનાનો મેરીટમાં આવનાર પ્રથમ પાંચ વિદ્યાર્થીનીઓને લાભ મળશે)

(૧) એસ.એસ.સી. માં ૭૫% કે તેથી વધુ (મુખ્ય વિષયોમાં) આ સંસ્થામાં પ્રવેશ મેળવતી વિદ્યાર્થીનીઓને પ્રથમ વર્ષની (પહેલા બે સેમેસ્ટર) તે સમયની ટયુશન ફી (કોલેજની સત્ર ફી)માં ૫૦% ની રાહત.

(૨) એસ.એસ.સી. માં ૬૦% કે તેથી વધુ (મુખ્ય વિષયોમાં) આ સંસ્થામાં પ્રવેશ મેળવતી વિદ્યાર્થીનીઓને પ્રથમ વર્ષની (પહેલા બે સેમેસ્ટર) તે સમયની ટયુશન ફી (કોલેજની સત્ર ફી)માં ૨૫% ની રાહત.

(૩) પ્રથમ સેમેસ્ટરમાં ૮.૫ CPI સાથે પાસ થનાર વિદ્યાર્થીનીને ત્રીજા સત્રની ફીમાં ૫૦% ની રાહત.

(૪) બીજા સેમેસ્ટરમાં ૮.૫ CPI સાથે પાસ થનાર વિદ્યાર્થીનીને ચોથા સત્રની ફીમાં ૫૦% ની રાહત.

(૫) ત્રીજા સેમેસ્ટરમાં ૮.૫ CPI સાથે પાસ થનાર વિદ્યાર્થીનીને પાંચમા સત્રની ફીમાં ૫૦% ની રાહત.

(૬) ચોથા સેમેસ્ટરમાં ૮.૫ CPI સાથે પાસ થનાર વિદ્યાર્થીનીને છઠઠા સત્રની ફીમાં ૫૦% ની રાહત.

આ ઉપરાંત રાજય સરકાર દ્વારા તથા અન્ય સંસ્થા દ્વારા આપવામાં આવતી વિવિધ શિષ્યવૃતિનો પણ વિદ્યાર્થીનીઓ લાભ લઈ શકે છે.

નોંધ :- જે વિદ્યાર્થીનીઓ સરકાર દ્વારા આપવામાં આવેલ ફી માફીનો લાભ લીધો હશે તેઓને આ યોજના હેઠળ સહાય મળશે નહીં.

## બેટી બચાવો, બેટી પઢાઓ...